સ્ટેમ્પ પેપર

બૃહદ ગીર વિસ્તાર માં આવેલ કુવાઓ ફરતે પેરાપેટ વોલ કરવાની યોજના નો લાભ લેવા અંગે કરવાના ~~ક~~ કરારનો નમુનો

## મેમોરન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ ( એમ. ઓ. યુ.)

આજ રોજ (તારીખ) રોજ એક પક્ષે નાયબ વન સંરક્ષકશ્રી, ગીર (પ) વિભાગ, જુનાગઢ અને બીજા પક્ષે(પાર્ટીનુ નામ) વચ્ચે ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામા / ઠરાવો / પરિપત્ર અનુસાર ખુલ્લા કુવામાં અકસ્માતે પડી જવાથી વન્યપ્રાણી સિંહ / (સિંહણ કે સિંહના બચ્ચા, દિપડા વિગેરે) ના અપમૃત્યું રોકવા સંરક્ષણ દિવાલથી રક્ષણ આપવાની કામગીરી અંગે બંને પક્ષે સંમત થતા નીચે મુજબ સમજુતી કરાર કરવામાં આવે છે.

## સમજુતી કરારઃ-

૧. વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ડબલ્યુ એલપી ૧૧૦૭ – ૫૭૨ – ગ ૧ તા. ૧૮.૫.૦૭ થી અમલી બનેલ યોજના અન્વયે વખતોવખત બહાર પાડેલ સુચનાઓ અને શરતોનું ઉભય પક્ષ દવારા ચુસ્ત પાલન કરવામાં આવશે.

૨. આ યોજના હેઠળ સિંહોનું પરિભ્રમણ વધારે હોય તેવા ગામોને પ્રાથમિકતા આપવાની રહેશે.

૩. ગુજરાત રાજયના ગીર બહૃદ વિસ્તારમાં કૃષિ વિકાસ માટે સ્થાનિક ખેડુતો દવારા બનાવેલ ખુલ્લા કુવાઓ કે જે વન્યપ્રાણીઓ માટે ભયજનક છે, તેવા કુવાઓની (પાર્ટીનુ નામ) દવારા મોજણી હાથ ધરેલ છે.

૪. પ્રાપ્ત થયેલ અરજીની (પાર્ટીનુ નામ) ની નીચે મુજબની બાબતો વિચારણામાં લેવામાં આવેલ છે.

૪–અ (પાર્ટીનુ નામ) જરૂરી ટેકનીકલ જ્ઞાન ધરાવે છે.

૪–ક (પાર્ટીનુ નામ) દવારા બાકીના નાણાં સ્ત્રોતની વિગતો તથા આ કામગીરી માટે જરૂરી ભંડોળ ઉપલબ્ધ છે.

૪–ડ (પાર્ટીનુ નામ) દવારા સદરહું કામગીરી સામેલ પરિશિષ્ટ – ૧ પ્રમાણે મંજુર થયેલ ગામોમાં કરવાની રહેશે.

૫. કુવાઓની મોજણીની (પાર્ટીનુ નામ) દવારા પૂર્ણ કરવામાં આવેલ છે અને તેની યાદી ઉપર દર્શાવેલ પરિશિષ્ટ ૧ પ્રમાણે આ સાથે સામેલ છે. **જે મુજબ ચાલુ વર્ષે સને ના વર્ષમાં ગામના કુલ ( પૂરા) કુવા પૈકી રેન્જના કાર્યક્ષેત્ર હેઠળના હાલ ગામનાં – કુલ કુવાઓની સંરક્ષણ દિવાલને લગતી કામગીરી હાથ ધરશે.**

૬ એક જ વિસ્તારમાં એક કરતા વધુ સંસ્થા / વ્યકિત દવારા કામગીરી કરવાની માંગણી થાય તેવા કિસ્સામાં વન સંરક્ષકશ્રી દવારા કરાવામાં આવેલ ફાળવણી આખરી ગણાશે.

૭ આ યોજનાનો લાભ જે તે ખેડુતને કુવા દીઠ એક જ વખત મળશે.

૮ તાંત્રિક કામગીરી હાથ ધરવા સંસ્થાએ / વ્યકિતએ કામના પ્રમાણમાં ઈજનેરી સેવાઓ આપવાની રહેશે.

૯ વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : WLP/1107/572/W Dated: 21-11-2008 જે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર નં. બ/વપસ/૨૫/ ૪૮૮૬ તા. ૨૫.૧૧.૨૦૦૮ અન્વયે આપવામાં આવેલ સુચના પ્રમાણે / મંજુર થયેલ ટાઈપ ડીઝાઈન પૈકી કોઈપણ એક મુજબ સંરક્ષણ દિવાલનું બાંધકામ કરવાનું રહેશે.

૧૦ રજુ કરેલ અંદાજ અંગે નાયબ વન સંરક્ષકશ્રી દવારા વહીવટી મંજુરી સાથે સબંધીત રેન્જ કચેરી મારફતે પ્રથમ તબકકામાં ૪૦ ટકા એટલે કે રૂા. ૩૨૦૦/–ની મર્યાદામાં આપવામાં આવશે. બીજો અને આખરી હપ્તો બાકીના ૬૦ ટકા રકમ અથવા ખરેખર તફાવત પૈકી જે ઓછી રકમ હોય તેની ચુકવણી સબંધિત પરિક્ષેત્ર વન અધિકારીશ્રીનું કામગીરી પૂર્ણ થયાનું પ્રમાણપત્ર મળ્યેથી ચુકવવામાં આવશે.

૧૧ છેલ્લા હપ્તાની ચુકવણી પહેલાં સંસ્થાએ / વ્યકિતએ સબંધિત કુવાના માલિકને કુવાનું બાંધકામ સુપ્રત કર્યાનું પ્રમાણપત્ર (EXIT PROTOCOL) આપવાનું રહેશે. જેની નકલ સાદર કરવાની રહેશે. જેમાં સંસ્થા / વ્યકિત દવારા કામગીરી પૂર્ણ થતા મુકત થઈ થયેલ કામગીરી જાળવણી અને મરામત સહિત માલિક જે તે કુવાની માલિકી ધરાવતી વ્યકિત, સંસ્થા કે કચેરી સંભાળી લેશે અને સંસ્થાઓ / વ્યકિતઓ કામગીરીમાંથી મુકત થશે. તે માટે (EXIT PROTOCOL) સબંધિત પરીક્ષેત્ર વન અધિકારીને જમા કરાવવાનો રહેશે.

૧૨ આ કામગીરી સંસ્થા / વ્યકિત સ્વૈચ્છિક રીતે સ્વીકારતી હોય, આ સમજુતી કરાર પ્રમાણે કોઈ કોન્ટ્રાકટ એકટની બાબતોમાંથી મુકત રહેશે. જે મુજબ સંસ્થા વ્યાજબી કારણો સાથે અધવચ્ચેથી કામગીરી છોડી શકશે અને સંસ્થાની કામગીરી સમયબધ્ધ ન થવાને કે ઢીલ થવાને કારણે કે

નાણાંકીય ગેરરીતી બાબતે ૧૫ દિવસમાં નોટીસ આપી જવાબ મળે કે ન મળે કારણો વ્યાજબી જણાતા સંસ્થા / વ્યકિતને આ કામગીરીમાંથી મુકત કરવામાં આવશે.

૧૩ ઓછી કામગીરી કે નાણાંકીય ગેરરીતીના કિસ્સામાં પેમેન્ટ અટકાવવા માટે નિયમોનુસાર વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવશે.

૧૪ આ બાબતેના વિવાદ અન્વયે બંને પક્ષોએ પોતાની અપીલ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી, ગાંધીનગરને કરવાની રહેશે અને તેઓનો નિર્ણય આખરી અને બંધન કર્તા રહેશે.

આજરોજ **તા.** **વાર** **વર્ષ** ના દિવસે ઉપર મુજબની સમજુતીનો એકરાર કરવો.

સ્થળ :–
તારીખ :

પક્ષકારોઃ–

સહીઃ–
નામ :–
૧. નાયબ વન સંરક્ષક, ૨.

સાક્ષી :–

(૧) (૨)

ક્રમાંકઃ–બ/વપસ/ટે.૩/ સને.૨૦
નાયબ વન સરંક્ષકશ્રીની કચેરી,
ગીર પશ્ચિમ વિભાગ જુનાગઢ,
તા. / /૨૦

પ્રતિ
શ્રી

**વિષયઃ–** ગીર વીસ્તારના ખાનગી કુવા સુરક્ષિત કરવા બાબત–તાલુકો
**સંદર્ભઃ–** (૧) સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ તા. ૨૧/૧૧/૦૯
(૨) વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ ના પત્રાંકઃ
બ/વપસ/ટે.૮/૮૭૩૪–૪૦ તા.૧૭–૧૨–૦૮
(૩) રે.ફો.ઓ.શ્રી ના પત્રાંકઃઅ/વપસ/ તા.

મહાશય

જયભારત સાથ ઉપરોકત વિષય તથા સરકારશ્રી તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફીસર ના સંદર્ભ પત્રની સુચના અનુસાર આપના દવારા અત્રે ગામના કુલ – કુલ – ખેડુતોના ખુલ્લા કુવાઓને બેલા પથ્થરથી પારાપેટ વોલથી સુરક્ષિત કરવા માટે સહાનુભૂતિ દર્શાવતા તેમજ ઉપરોકત કામગીરી અંગેનો એમ. ઓ. યુ. તા. ના રોજ થઈ આવતા આપને નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને ઉપરોકત દર્શાવેલ ગામના – ખેડુતોના ખુલ્લા કુવાઓને સુરક્ષિત કરવા માટે આથી પરવાનગી આપવામાં આવે છે.

૧. ગામદીઠ કુવાની સંખ્યાની ખાત્રી કરવી અને કોના કોના કુવા છે તેની માહિતી મેળવવી
૨. જયાં કામગીરી શરુ કરવાની થાય ત્યાં જઈને સ્થળને વેરીફીકેશન કરવુ અને માલ સામાન આવી ગયેલ છે કે નહી તેની ખાત્રી કરવી.
૩. કામ શરુ થાય ત્યારે સ્થળની ફોટોગ્રાફી કરવી અને કામપુર્ણ થાય ત્યારે પણ ફોટોગ્રાફી કરવી અને બને તો જે ખેડુતનો કુવો સુરક્ષિત કર્યો હોય તે ખેડુતનો પણ ફોટો પાડવો જે વધારે ઉપયોગી થશે.
૪. કામગીરીના માલની કવોલીટીની ખાસ ચકાસણી કરવી.
૫. બેલાની કવોલીટીની ચકાસણી કરવી .
૬. કુવા ઉપર કામગીરી પુર્ણ થયા બાદ નામ તથા સર્વે નંબર સિમેન્ટના પ્લાસ્ટરમાં ફરજીયાત લખવાનું રહેશે.
૭. સરકારશ્રી દવારા નીયત કરેલ રૂા. ૮૦૦૦/– અથવા ખરેખર થયેલ ખર્ચ અથવા એસ.ઓ.આર. રકમ પૈકી જે ઓછું હશે તે મળવા પાત્ર થશે.

આ કામગીરી સમયસર પુર્ણ થાય તેની ખાસ કાળજી લેવી. તમામ કામગીરી શરુ કર્યા અને પુર્ણ થયા બાદ આ અંગેના  કમ્પલીસન સર્ટીફીકેટ તેમજ પ્રગતી અહેવાલ સમયાંતરે નીયમ પ્રમાણે તૈયાર કરી સાદર કરવા નોંધ લેવી.

નાયબ વન સરંક્ષક
ગીર પશ્ચિમ વિભાગ જુનાગઢ

**નકલ રવાનાઃ** રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી રેન્જ તરફ જાણ તથા ઉપર મુજબની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવા સારૂ.

**નકલ સાદર રવાનાઃ**– મુખ્ય વન સરંક્ષકશ્રી, વન્યપ્રાણી વર્તુળ, જુનાગઢ તરફ જાણ તેમજ વિદિત થવા સારું.